Letter No: ED/1423/08/2026 Approved Date: 04-09-2026 10:05

**વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય કલ્યાણ તથા આત્મહત્યા નિવારણ માટે (ધો.૯ થી ૧૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: ૧૬માં ૧૬(અ)ને નવી જોગવાઇ તરીકે ઉમેરવા બાબત.**

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2026/5261/CHH

સચિવાલય, ગાંધીનગર.

તા. ***e-Sign*** મુજબ.

<u>વંચાણે લીધા</u> :

(૧) નામ. સુપ્રિમકોર્ટનો Criminal Appeal No. 3177/2025(Arising out of SLP(Crl.) No(s). 6378/2024, સુખદેબ સાહા વિરુદ્ધ આંધ્રપ્રદેશ)નો તા.૨૫/૦૭/૨૦૨૫નો ચુકાદો

(૨) ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલયનો તા.૦૮/૦૮/૨૦૨૫નો Office Memorandum No. J-18/32/2025-Judicial.

(3) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૧૮/૦૮/૨૦૨૬નો પત્ર

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪

<u>આમુખ</u> :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩ હેઠળ કરવામાં આવેલ છે. બોર્ડના નિયમિત કામકાજ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ અમલમાં આવેલ છે.

૨. વંચાણે લીધા ક્રમાંક: (૧) સામેના તા.૨૫/૦૭/૨૦૨૫ ના ચુકાદા થી નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ક્રિમિનલ અપીલ નં. ૩૧૭૭/૨૦૨૫ (SLP (Crl.) No. 6378/2024) - સુખદેવ સાહા વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય અને અન્ય, ભારતના બંધારણની કલમ ૩૨ અને કલમ ૧૪૧ અન્વયે તમામ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડતા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ અંગેના ૧૫ બંધનકર્તા માર્ગદર્શિકાઓ (Guidelines I થી XV) તથા ૪ નિર્દેશો (Directions ૩૭ થી ૪૦) જાહેર કર્યા છે.

3. ઉક્ત ચુકાદાના ફકરા ૩૬ માં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ માર્ગદર્શિકાઓ ભારતની તમામ શૈક્ષણિક સંસ્થાઓ જેમ કે સરકારી અને ખાનગી શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, તાલીમ કેન્દ્રો, કોચિંગ સંસ્થાઓ, નિવાસી એકેડમીઓ અને હોસ્ટેલોને તેમની સંલગ્નતાને ધ્યાનમાં લીધા વિના લાગુ પડશે.

૪. વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના તારીખ ૦૮/૦૮/૨૦૨૫ના ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા Office Memorandum No. J-18/32/2025-Judicial, થી ઉક્ત ચુકાદાનો અમલ કરવા તમામ રાજ્યોના મુખ્ય સચિવશ્રીઓને જણાવવામાં આવેલ. NCERT દ્વારા શિક્ષણ મંત્રાલયના આદેશપર તૈયાર કરવામાં આવેલ UMMEED (Understand, Motivate, Manage, Empathize, Empower, Develop) - Prevention of Suicide: Guidelines for Schools (May 2025) માર્ગદર્શીકાઓ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ઉક્ત ચુકાદામાં આધારભૂત સંદર્ભ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. જ્યારે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) શિક્ષણના ઉદ્દેશ્યને સર્વગ્રાહી (Holistic) તરીકે નિર્ધારિત કરે છે, જેમાં જ્ઞાનાત્મક (Cognitive) અને ભાવનાત્મક (Affective) બંને પાસાંનો સમાવેશ થાય છે, તથા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક કલ્યાણને સમગ્ર વિકાસનો અભિન્ન અંગ ગણે છે.

૫. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય કલ્યાણ તથા આત્મહત્યા નિવારણ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં નવી જોગવાઈ કરવી આવશ્યક જણાય છે. જેથી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (Gujarat Secondary and Higher Secondary Education Act, 1972) હેઠળ પ્રાપ્ત નિયમનકારી સત્તાનો ઉપયોગ કરીને, બોર્ડ સાથે સંલગ્ન તમામ માધ્યમિક (ધોરણ ૯-૧૦) અને ઉચ્ચતર માધ્યમિક (ધોરણ ૧૧-૧૨) શાળાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય કલ્યાણ તથા આત્મહત્યા નિવારણ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪માં વિનિયમ-૧૬(અ) નો સમાવેશ/ઉમેરો કરવા વંચાણે લીધા ક્રમાંક: (૩) પરના તા.૧૮/૦૮/૨૦૨૬ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

: **<u>ઠરાવ</u>** :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: ૧૬માં ૧૬(અ)ની નીચે મુજબની નવી જોગવાઇ તરીકે ઉમેરવા તેમજ તેની આનુષંગિક જોગવાઇ તરીકે પરિશિષ્ટ-૮ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧૬(અ) <u>વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય કલ્યાણ તથા આત્મહત્યા નિવારણ</u> :

"વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા કલ્યાણ અર્થે તેમના માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને સુરક્ષા સર્વોપરી છે. વિદ્યાર્થીઓ તણાવમુક્ત વાતાવરણમાં અભ્યાસ કરી શકે તે માટે નિયમિત કાઉન્સેલિંગ, જાગૃતિ કાર્યક્રમો અને સમયસર માનસિક સ્વાસ્થ્ય, સુરક્ષા અને તણાવમુક્ત વાતાવરણનું નિર્માણ કરવા માટે <u>'પરિશિષ્ટ-૮'</u> માં દર્શાવેલ જોગવાઈઓ અંતર્ગત નિયત કાર્યવાહી કરવાની રહેશે. જેથી માનસિક તણાવમાં રહેતા અને આત્મહત્યા જેવા નકારાત્મક વિચારો ધરાવતા વિદ્યાર્થીઓની વહેલી ઓળખ કરી, તેમને ત્વરિત અને સંવેદનશીલ સંસ્થાકીય મદદ પૂરી પાડી શકાય."

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૩૧/૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

બિડાણ : પરિશિષ્ટ-૮

***e-Sign***

(એસ.આઈ.ગોહિલ)

ઉપ સચિવ,

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), બ્લોક-૫/૭, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, પ્રાથમિક / ઉચ્ચ / ટેકનીકલ શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦બી, ગાંધીનગર.

Letter No: ED/1423/08/2026 Approved Date: 04-09-2026 10:05

- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ /ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૬.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/3725-58
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.24/09/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ),
ગુજરાત રાજ્ય.

જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

D:\Divyesh\પરિપત્ર\વિનિયમ - ૧૬-અ ની નવી જોગવાઈ બાબત..docx

## પરિશિષ્ટ-૮

### જુઓ વિનિયમ-૧૬(અ)

**(૧) શાળા કલ્યાણ ટીમ (School Wellness Team- SWT) ની ફરજીયાત રચના:**

**(૧) SWTની ફરજિયાત રચના:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) માં રજીસ્ટર્ડ થયેલ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ આ સાથે નિયત કર્યા મુજબની 'શાળા કલ્યાણ ટીમ (School Wellness Team-SWT)' ની રચના કરવાની રહેશે, જે પ્રત્યેક શાળા માટે ફરજિયાત રહેશે. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુખાકારીની જાળવણી અર્થે તેમજ આત્મહત્યા નિવારણ સંબંધિત કોઈ પણ આપાતકાલીન કે અત્યંત સંવેદનશીલ (ઉચ્ચ-જોખમી) પરિસ્થિતિમાં ત્વરિત તથા અસરકારક કાર્યવાહી કરી શકાય તે હેતુસર, સદર ટીમ (SWT)ના તમામ સભ્યોને યોગ્ય ઓરિએન્ટેશન કાર્યક્રમો અને સઘન તાલીમ દ્વારા સુસજ્જ કરવાના રહેશે.

**(૨) SWTનું માળખું:**

SWT માં નીચેના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે;

| હોદ્દો / સભ્ય | વિગત |
|---|---|
| શાળાના આચાર્યશ્રી | ટીમ લીડર (Team Leader) |
| શાળા કાઉન્સેલર / નિયત કરેલ શિક્ષક | ટીમ સંયોજક (Team Coordinator) |
| શિક્ષકો- દરેક ધોરણમાંથી એક | માધ્યમિક (ધો. ૯-૧૦) અને ઉચ્ચતર માધ્યમિક (ધો. ૧૧-૧૨) |
| SMC પ્રતિનિધિ | શાળા વ્યવસ્થાપન સમિતિના એક પ્રતિનિધિ |
| પીઅર મોનિટર / લીડર (મનો-મિત્ર) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક - એક-એક |
| શાળા સ્ટાફ સભ્ય | એક (બિન-શૈક્ષણિક કર્મચારી) |

**(3) SWT ની કાર્યપ્રણાલી:** પ્રતિ વર્ષ શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળા કક્ષાએ 'એસ.ડબલ્યુ.ટી.' (SWT) ની રચના કરવાની રહેશે. શાળાના તમામ સભ્યો સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો, ઉત્તમ સંવાદ કૌશલ્ય, વિશ્વસનીયતા તેમજ સંવેદનશીલતા ધરાવતા હોય તેવા સભ્યોને આ સમિતિમાં નિયુક્તિ માટે અગ્રતા આપવાની રહેશે. શાળા વહીવટીતંત્ર દ્વારા SWT ની કામગીરી તેમજ તેની અસરકારકતાની વાર્ષિક સમીક્ષા કરવી ફરજિયાત રહેશે.

**(૪) મનો-મિત્ર (Mano-Mitra): UMMEED** માર્ગદર્શિકાઓના અનુસંધાનમાં, શાળા કક્ષાએ 'પીઅર સપોર્ટ' (Peer Support) ની અસરકારક વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા અર્થે 'મનો-મિત્ર' ની નિયુક્તિ કરવાની રહેશે. મનો-મિત્ર દ્વારા વિદ્યાર્થીઓને પ્રાથમિક સ્તરે ભાવનાત્મક સહયોગ પૂરો પાડવો, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન તેમજ ઉપચારાત્મક પગલાં તરફ દોરવા, સહપાઠીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો અને પરસ્પર સહકારની ભાવના સુદ્રઢ કરવી, સકારાત્મક શાળા પર્યાવરણના નિર્માણમાં સક્રિય યોગદાન આપવું તથા સંવેદનશીલ તેમજ ઉત્તરદાયી આચરણનું અનુકરણીય દ્રષ્ટાંત પૂરું પાડવાનું રહેશે.

**(૨) સમાન માનસિક સ્વાસ્થ્ય નીતિ**

(૧) શાળા વહીવટીતંત્ર દ્વારા **'UMMEED'** માર્ગદર્શિકાઓ, **'MANODARPAN'** પહેલ તેમજ 'રાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ વ્યૂહરચના' ને સુસંગત 'સમાન માનસિક સ્વાસ્થ્ય નીતિ' તૈયાર કરી તેનો અમલ કરવો ફરજિયાત રહેશે. આ નીતિ પ્રતિ વર્ષ અધ્યતન **(Update)** કરી, શાળાના સૂચના પાટિયા **(Notice Board)** તથા સત્તાવાર વેબસાઇટ પર કાયમી ધોરણે પ્રદર્શિત કરવાની રહેશે.

Signature Not Verified
Signed by: GOHIL SAMIR IBRAHIMBHAI
Under Secretary
Education Department
Date: 2026.09.05 11:25:32

(૨) **UMMEED** માર્ગદર્શિકાઓ, **'MANODARPAN'** પહેલ અને 'રાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ વ્યૂહરચના' ની જોગવાઈઓ અનુસાર, આ નીતિમાં આગોતરા ચેતવણીના સંકેતોની ઓળખ **(Warning Signs)**, તાત્કાલિક પ્રતિસાદ, રેફરલ સેવાઓ,

ગોપનીયતાની જાળવણી, દસ્તાવેજીકરણ (Record-keeping), અનુવર્તી પગલાં (Follow-up) તેમજ આપઘાત બાદની સહાયક કામગીરી (Postvention) નો ફરજિયાત સમાવેશ કરવાનો રહેશે.

<u>(૩) કાઉન્સેલરની નિમણૂક</u>

**(૧) ફરજિયાત નિયુક્તિ:** ૧૦૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી શાળાઓમાં, બાળ અને કિશોરાવસ્થાના માનસિક સ્વાસ્થ્ય વિષયક તાલીમ મેળવેલ ઓછામાં ઓછા એક લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકર્તાની નિયુક્તિ કરવી ફરજિયાત રહેશે.

**(૨) રેફરલ સેવા:** ૧૦૦ થી ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓએ બાહ્ય માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો (Mental Health Professionals), નજીકના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC) / પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC), જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ (DMHP) તેમજ 'ટેલી-માનસ' (Tele-MANAS) સેવાઓ સાથે ઔપચારિક રેફરલ જોડાણ પ્રસ્થાપિત કરવાનું રહેશે.

**(૩) ગુણોત્તર (રેશિયો):** વિદ્યાર્થી અને કાઉન્સેલર વચ્ચેનો આદર્શ ગુણોત્તર સુનિશ્ચિત કરવાનો રહેશે. ખાસ કરીને બોર્ડની પરીક્ષાઓ, પરિણામની જાહેરાત તેમજ શૈક્ષણિક સંક્રમણના સમયગાળા (School Transition) દરમિયાન, જેમ કે ધોરણ-૮ માંથી ૯ માં પ્રવેશ અને ધોરણ-૧૦ માંથી ૧૧ માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના નાના જૂથો (Groups) માટે સમર્પિત માર્ગદર્શક/કાઉન્સેલર ફાળવવાના રહેશે.

<u>(૪) સકારાત્મક શાળા વાતાવરણ</u>

**(૧) ભેદભાવ રહિત અભિગમ:** "શાળા વહીવટીતંત્ર દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક દેખાવ, પરીક્ષાના પરિણામો અથવા મેળવેલ ગુણના આધારે વર્ગખંડની અંદર કે બહાર કોઈપણ પ્રકારનું વિભાજન (Segregation) કરી શકાશે નહીં. તદુપરાંત, કોઈ પણ વિદ્યાર્થીના શૈક્ષણિક સ્તરના આધારે તેનું સાર્વજનિક રૂપે અપમાન કરવું, અન્ય સાથે સરખામણી કરવી, તેને કલંકિત (Label) કરવો અથવા તેની વ્યક્તિગત ક્ષમતા અને પરિસ્થિતિને સુસંગત ન હોય તેવી અવાસ્તવિક શૈક્ષણિક અપેક્ષાઓ નિર્ધારિત કરવી નહીં. શાળા કક્ષાએ એવી કોઈપણ પ્રવૃત્તિ, પ્રથા કે વ્યવસ્થા અમલી બનાવી શકાશે નહીં જેના કારણે વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, વ્યગ્રતા (ચિંતા), લઘુતાગ્રંથિ (હીનભાવ), ભય અથવા ભાવનાત્મક અસુરક્ષાની લાગણી જન્મે. તેના સ્થાને, તમામ વિદ્યાર્થીઓ પ્રત્યે સમાનતા, ગૌરવ, પ્રોત્સાહન અને સહયોગાત્મક અભિગમ અપનાવવો ફરજિયાત રહેશે."

**(૨) તણાવ નિવારણ પ્રવૃત્તિઓ:** વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની સુખાકારી જાળવી રાખવા અર્થે યોગ, ધ્યાન, કલા, સંગીત, બાગકામ, નૃત્ય, રમતગમત તેમજ 'ખેલ મહાકુંભ', 'ફિનિશિંગ સ્કૂલ' (Finishing School), 'સપ્તધારા', 'પરીક્ષા પે ચર્ચા', એન.એસ.એસ. (NSS), એન.સી.સી. (NCC), સ્કાઉટ-ગાઇડ અને સમાજસેવા જેવી સહ-શૈક્ષણિક તથા ઇત્તર પ્રવૃત્તિઓનું શાળા કક્ષાએ નિયમિતપણે આયોજન કરવું ફરજિયાત રહેશે.

**(૩) અભિવ્યક્તિ:** વિદ્યાર્થીઓ તેમની લાગણીઓ, ચિંતાઓ, મુશ્કેલીઓ તથા માનસિક-ભાવનાત્મક જરૂરિયાતોની નિર્ભય અને ગોપનીય રીતે રજૂઆત કરી શકે તે માટે શાળાઓએ સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવાનું રહેશે. આ હેતુસર વિદ્યાર્થીઓને શાળા કાઉન્સેલર અથવા નિયુક્ત માર્ગદર્શક શિક્ષક સુધી સરળતાથી પહોંચ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી, હેલ્પ બોક્સ/સૂચન પેટી જેવી વ્યવસ્થાઓ સતત કાર્યરત રાખવી તથા વિદ્યાર્થીઓના પ્રતિસાદને સંવેદનશીલતાપૂર્વક લક્ષમાં લઈ તેના પર નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. વધુમાં, દૈનિક શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ, પ્રાર્થનાસભા, જીવનકૌશલ્ય આધારિત કાર્યક્રમો તથા વિવિધ વિષયોની શિક્ષણ-અધ્યયન પ્રક્રિયામાં માનસિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક સુખાકારી, સહાનુભૂતિ, પરસ્પર આદર અને સકારાત્મક જીવનમૂલ્યોનું સચોટ એકીકરણ કરવાનું રહેશે, જેથી વિદ્યાર્થીઓમાં તંદુરસ્ત માનસિકતા અને સહાયક શાળા સંસ્કૃતિનો વિકાસ થઈ શકે.

**(૪) હેલ્પલાઈન નંબરની પ્રસિદ્ધિ:**

રાજ્યની તમામ રજીસ્ટર્ડ થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ [illegible] હેલ્પલાઈન નંબર (Child Helpline Number) તેમજ SWTના સભ્યોના સંપર્ક નંબરો શાળાના વેબસાઈટ, નોટીસ બોર્ડ, વર્ગખંડ, હોસ્ટેલ, કાઉન્સેલિંગ રૂમ બહાર મોટા અને સુવાચ્ય અક્ષરોમાં અનિવાર્યપણે દર્શાવવાના રહેશે.

Signature Not Verified
Signed by : GOHIL SAMIR IBRAHIMBHAI
Under Secretary
Education Department
Date : 2026.09.05 11:23:32 IST

**(૫) સલામત ભૌતિક વાતાવરણ:** સંબંધિત શાળાઓએ વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત ભૌતિક પર્યાવરણ સુનિશ્ચિત કરવાનું રહેશે. આ હેતુસર ઉપયોગમાં ન હોય તેવા વણવપરાયેલા/ખાલી વર્ગખંડો, એકાંત વિસ્તારો તથા અન્ય સંવેદનશીલ સ્થળોને બિનઉપયોગી સમયગાળા દરમિયાન અનધિકૃત પ્રવેશ અટકાવવા અર્થે બંધ (Lock) રાખવાના રહેશે, તથા શાળા પરિસરના પરસાળ (લોબી), માર્ગો, સીડીઓ અને અન્ય સાર્વજનિક વિસ્તારોમાં પર્યાપ્ત પ્રકાશ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી તેની નિયમિત જાળવણી સુનિશ્ચિત કરવાની રહેશે.

હોસ્ટેલની સુવિધા ધરાવતી શાળાઓએ વિદ્યાર્થીઓની સુરક્ષાને લક્ષમાં રાખીને આત્મહાનિના જોખમનું સ્તર નહિવત્ કરવા અર્થે જરૂરી માળખાકીય અને વહીવટી સુરક્ષા ઉપાયો અમલમાં મૂકવાના રહેશે, જેમાં ટેમ્પર-પ્રૂફ સીલિંગ ફેન્સ (Tamper-Proof Ceiling Fans) ની સ્થાપના, અગાસી (Rooftop), બાલ્કની તથા અન્ય ઉચ્ચ-જોખમી વિસ્તારોમાં પ્રવેશ નિયંત્રિત કરવો, તેમજ માદક દ્રવ્યો, નશીલા પદાર્થો અને અન્ય હાનિકારક તત્વોથી મુક્ત, સુરક્ષિત અને સ્વાસ્થ્યપ્રદ વાતાવરણની જાળવણી કરવાનો સમાવેશ થશે.

**(૬) સમયાંતર કાર્યવાહી:** સંબંધિત શાળાઓએ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક સુખાકારી તથા સંભવિત જોખમી પરિબળોની સમયસર પ્રાથમિક ઓળખ (Early Identification) માટે પર્યાપ્ત અવલોકન (Observation), બિન-નિદાનાત્મક (Non-diagnostic) સ્ક્રીનિંગ, વિદ્યાર્થી પ્રતિસાદ પ્રણાલી તથા અન્ય આવશ્યક ઉપાયો વિકસાવી તેને અમલમાં મૂકવાના રહેશે. આવી પ્રક્રિયાનો ઉદ્દેશ્ય માત્ર જોખમ ધરાવતા અથવા વિશેષ સહાયની જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓની ત્વરિત ઓળખ કરીને તેમને યોગ્ય પરામર્શ (કાઉન્સેલિંગ), માર્ગદર્શન અથવા નિષ્ણાતની સેવા સહાય અર્થે અગ્રેસર કરવાનો રહેશે અને તેને કોઈપણ પ્રકારના ક્લિનિકલ (તબીબી) અથવા ક્લિનિકલ સાયકોલોજિકલ (માનસિક) નિદાન તરીકે ગણવામાં આવશે નહીં.

(૭) સંબંધિત શાળાઓએ પરીક્ષા, ગૃહકાર્ય (હોમવર્ક), કોચિંગ, સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ અને અન્ય શૈક્ષણિક અપેક્ષાઓના વિદ્યાર્થીઓ પર પડતા પ્રભાવની સમયાંતરે સમીક્ષા કરવાની રહેશે.

<u>(૫) ક્ષમતા નિર્માણ – ફરજિયાત તાલીમ</u>

**(૧) દ્વિ-વાર્ષિક તાલીમ:** શાળાના તમામ શૈક્ષણિક અને બિન- શૈક્ષણિક કર્મચારીઓએ, વર્ષમાં ઓછામાં ઓછા બે વખત, **certified** માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો દ્વારા અપાતી તાલીમ ફરજિયાત લેવાની રહેશે. શાળાએ **Psychological First-Aid, Warning Signs** ની ઓળખ, **Response to Self-Harm, Referral Mechanisms** વગેરે વ્યવસ્થા ઉપલબ્ધ રાખવાની રહેશે.

આ તાલીમનો એક ઉદ્દેશ **UMMEED** માર્ગદર્શિકાઓ, **MANODARPAN** પહેલ તથા રાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ વ્યૂહરચના (**National Suicide Prevention Strategy**) માં દર્શાવવામાં આવેલ, વિદ્યાર્થીઓમાં જોવા મળતા માનસિક તણાવ, આત્મહાનિ અથવા આત્મહત્યાના જોખમ સાથે સંબંધિત ચેતવણીનાં ચિહ્નોની ઓળખ અંગે શાળાએ વિદ્યાર્થીઓ, શિક્ષકો, બિન-શૈક્ષણિક કર્મચારીઓ, મનો-મિત્રો (**Mano-Mitras**) તથા અન્ય સંબંધિત હિતધારકોને આ ચિહ્નોની સમયસર ઓળખ કરવાની ક્ષમતા વિકસાવવાનો, સહાનુભૂતિપૂર્ણ પ્રતિસાદ અંગે સમજણ કેળવવાનો તથા જરૂરિયાતમંદ વિદ્યાર્થીને યોગ્ય સહાય અને રેફરલ વ્યવસ્થા સાથે જોડવાનો રહેશે.

વધુમાં, વિદ્યાર્થીઓમાં એવી જાગૃતિ વિકસાવવી રહેશે કે જો તેઓ પોતાના મિત્ર, સહાધ્યાયી અથવા અન્ય કોઈ વિદ્યાર્થીમાં આવા ચેતવણીનાં ચિહ્નો નિહાળે, તો તેઓ ગોપનીયતા અને સંવેદનશીલતા જાળવી શાળા કલ્યાણ ટીમ (**SWT**), કાઉન્સેલર, મનો-મિત્ર અથવા સંબંધિત શિક્ષકને તેની જાણ કરી શકે, જેથી સમયસર જરૂરી સહાય અને હસ્તક્ષેપ ઉપલબ્ધ કરાવી શકાય.

**(૨) સમાવેશી તાલીમ:** સંબંધિત શાળાઓએ અનુસૂચિત જાતિ (**SC**), અનુસૂચિત જનજાતિ (**ST**), અન્ય પછાત વર્ગો (**OBC**), આર્થિક રીતે નબળા વિભાગો (**EWS**), **LGBTQ+** સમુદાયો, દિવ્યાંગ, શોકગ્રસ્ત, આઘાતગ્રસ્ત તેમજ અગાઉ આત્મહત્યાનો પ્રયાસ કરનાર વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદનશીલ, સમાવેશી અને ભેદભાવરહિત વલણ/વર્તણૂક સુનિશ્ચિત કરવા અર્થે સંસ્થાના તમામ કર્મચારીઓ (શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ) માટે પર્યાપ્ત તાલીમ ફરજિયાતપણે આયોજિત કરવાની રહેશે.

Signature Not Verified
Under Secretary
Education Department

**(૩) વિદ્યાર્થી/વાલી ઓરિએન્ટેશન:** દરેક શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળાઓએ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સ્થાનિક સમુદાય માટે માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુખાકારી વિષયક અભિમુખતા (ઓરિએન્ટેશન) કાર્યક્રમોનું ફરજિયાત આયોજન કરવાનું રહેશે. આવા કાર્યક્રમોમાં માનસિક સ્વાસ્થ્ય સંબંધિત જોખમી અને રક્ષણાત્મક પરિબળો, ચેતવણીરૂપ સંકેતોની

ઓળખ, કટોકટીની પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદની પ્રક્રિયા, ઉપલબ્ધ કાઉન્સેલિંગ તથા સહાયક સેવાઓ તેમજ અન્ય સંબંધિત સંસાધનો અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવાનું રહેશે. તદુપરાંત, શાળાઓએ વાલી-શિક્ષક બેઠક (PTM) અને અન્ય યોગ્ય માધ્યમો દ્વારા વાલીઓમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગરૂકતા, સંવેદનશીલતા, સહાનુભૂતિપૂર્ણ અભિગમ તથા બાળકના ભાવનાત્મક વિકાસને સહાયક બને તેવા સકારાત્મક વાલીપણાના મૂલ્યો વિકસાવવા માટે સઘન પ્રયાસો કરવાના રહેશે.

(૪) **SWT સભ્યો માટે વિશેષ તાલીમ અને અભિમુખતા:** શાળા કલ્યાણ ટીમ (School Wellness Team - SWT) ની રચના કર્યા બાદ તેના તમામ સભ્યો માટે સત્વરે તથા સમયાંતરે વિશેષ અભિમુખતા (ઓરિએન્ટેશન) અને ક્ષમતાવર્ધન કાર્યક્રમોનું આયોજન કરવાની જવાબદારી સંબંધિત શાળાની રહેશે. આવા તાલીમ કાર્યક્રમોમાં માનસિક સ્વાસ્થ્ય સંબંધી કટોકટીની પરિસ્થિતિઓનું વ્યવસ્થાપન, ચેતવણીરૂપ સંકેતોની ઓળખ, સ્વ-ક્ષતિ (આત્મહાનિ) અથવા આત્મહત્યાના જોખમ ધરાવતા વિદ્યાર્થીઓને પ્રાથમિક માનસિક સહાય, સંભવિત જોખમ ધરાવતા વિદ્યાર્થીઓના વાલીઓ/પરિવારજનોને માર્ગદર્શન અને સહાય, ગોપનીયતાની જાળવણી, વ્યવસાયિક પરામર્શ (કાઉન્સેલિંગ) અને રેફરલ પ્રક્રિયા, ઘટના-ઉત્તર સંભાળ (Postvention) ના પગલાં તથા અન્ય સંબંધિત વિષયોનો સમાવેશ કરવાનો રહેશે; જેથી SWT વિદ્યાર્થીઓના કલ્યાણ તેમજ સુરક્ષા સંબંધી બાબતોમાં પોતાની અપેક્ષિત જવાબદારીઓનું અસરકારક રીતે વહન કરી શકે.

<u>(૬) તાત્કાલિક પ્રતિસાદ પ્રોટોકોલ</u>

(૧) **ચેતવણીરૂપ સંકેતોની ઓળખ અને પ્રાથમિક પ્રતિસાદ:** 'ઉમ્મીદ' (UMMEED) માર્ગદર્શિકાની જોગવાઈઓ અનુસાર, કોઈ વિદ્યાર્થી દ્વારા સ્વ-ક્ષતિ (આત્મહાનિ), આત્મહત્યાના વિચારો, ગંભીર માનસિક તાણ અથવા અન્ય કોઈ જોખમી વર્તણૂક સંબંધી એક પણ ચેતવણીરૂપ સંકેત પ્રદર્શિત કરવામાં આવે, તો તેને અત્યંત ગંભીરતાથી લઈ તાત્કાલિક ધોરણે જરૂરી કાર્યવાહી કરવી અનિવાર્ય રહેશે.

શાળાના કોઈપણ સભ્યો, જેમાં સાથી વિદ્યાર્થી, શિક્ષક કે અન્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે, તેમને આવા સંકેતો જણાતાં તેમણે સંબંધિત વિદ્યાર્થી સાથે સંવેદનશીલતા તેમજ સહાનુભૂતિપૂર્વક સંપર્ક સાધવાનો રહેશે. વધુમાં, શાંત રહી તેની રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી, તેને સુરક્ષિત તથા સહાયક વાતાવરણ પૂરું પાડવાનું રહેશે અને બિનાવિલંબે આ અંગે શાળા કલ્યાણ ટીમ (SWT)ને જાણ કરવાની રહેશે.

આવી જાણકારી મળતાં જ SWT ના સંબંધિત સભ્ય દ્વારા વિદ્યાર્થીની ગોપનીયતા જાળવીને પરિસ્થિતિનું પ્રાથમિક મૂલ્યાંકન કરવાનું રહેશે. આવશ્યકતા જણાય ત્યાં ચેતવણીરૂપ સંકેતો અને જોખમના સ્તર અંગે સંવેદનશીલતાપૂર્વક ચર્ચા કરી, શાળાના પરામર્શદાતા (કાઉન્સેલર) તથા આચાર્યશ્રીને સુવિહિત કરવાના રહેશે તેમજ જરૂરી પરામર્શ (કાઉન્સેલિંગ), વ્યવસાયિક રેફરલ અને અનુવર્તી કાર્યવાહી (Follow-up) માટેની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૨) **આત્મહાનિ (Self-Harm) ના પ્રયાસની સ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ:** જો કોઈ વિદ્યાર્થી દ્વારા સ્વ-ક્ષતિ (આત્મહાનિ) કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય અથવા તે અંગેની તાત્કાલિક આશંકા જણાતી હોય, તો શાળાના કોઈપણ સભ્યોએ સંબંધિત વિદ્યાર્થી સાથે શાંત, સંવેદનશીલ અને બિન-અભિપ્રાયાત્મક (Non-judgmental) અભિગમ અપનાવવાનો રહેશે, વિદ્યાર્થી સાથે સતત સંવાદ જાળવી રાખવાનો રહેશે તથા તેને તેના નામથી જ સંબોધિત કરવાનો રહેશે. સંભવિત ક્ષતિ પહોંચાડી શકે તેવાં સાધનો કે વસ્તુઓને બળપ્રયોગ વિના સુરક્ષિત રીતે દૂર કરવાં, આવશ્યકતા અનુસાર પીવાના પાણી કે ખોરાકની વ્યવસ્થા કરવી તેમજ ઘટના અંગેની બિનાવિલંબે જાણ શાળા કલ્યાણ ટીમ (SWT)ને કરવાની રહેશે. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીને કોઈપણ સંજોગોમાં એકલો છોડવો નહીં.

આવી જાણકારી મળતાં જ SWT દ્વારા વિદ્યાર્થીને શાંત, સુરક્ષિત અને ખાનગી સ્થળે લઈ જઈ જરૂરી ભાવાત્મક સહાય તથા ભરોસો પૂરો પાડવાનો રહેશે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક તબીબી સારવાર અથવા અન્ય આપાતકાલીન/કટોકટીની સેવાઓની જરૂરિયાત હોય તો વિલંબ વિના તેની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. આવી ઘટના સમયે સ્થળ પર ભીડ એકત્ર ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by : GOHIL SAMIR IBRAHIMBHAI
Under Secretary
Education Department
Date : 2026.09.05 11:23:32 IST

શાળાના આચાર્યશ્રી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી દ્વારા વિદ્યાર્થીના વાલી/અભિભાવકને ઘટનાની જાણ સંવેદનશીલતા, ગોપનીયતા અને પૂર્ણ જવાબદારીપૂર્વક કરવાની રહેશે તેમજ અનુવર્તી પરામર્શ (કાઉન્સેલિંગ), રેફરલ અને આગળની સંભાળ (Follow-up) માટેની જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવાની રહેશે.

**(૩) ગોપનીયતા અને માહિતીનું સંરક્ષણ:** વિદ્યાર્થીના માનસિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક સ્થિતિ, કાઉન્સેલિંગ, રેફરલ અથવા અન્ય કોઈ સંવેદનશીલ વ્યક્તિગત માહિતી અંગે ગોપનીયતાનું રક્ષણ કરવું ફરજિયાત રહેશે. આવી માહિતીનો ઉપયોગ માત્ર વિદ્યાર્થીના હિત, સુરક્ષા અને જરૂરી સહાય સુનિશ્ચિત કરવાના હેતુસર જ કરવામાં આવશે.

વિદ્યાર્થી સંબંધિત સંવેદનશીલ માહિતી માત્ર તેવા અધિકૃત વ્યક્તિઓ સાથે જ વહેંચી શકાશે કે જેઓ વિદ્યાર્થીની સુરક્ષા, કાઉન્સેલિંગ, સારવાર અથવા કલ્યાણ સાથે સીધી રીતે સંકળાયેલા હોય, જેમ કે સંબંધિત કાઉન્સેલર, આચાર્યશ્રી, શાળા કલ્યાણ ટીમ (SWT) ના સંબંધિત સભ્યો, આરોગ્ય વ્યવસાયિકો તથા વિદ્યાર્થીના વાલી/અભિભાવક. કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીની વ્યક્તિગત માહિતીનો બિનજરૂરી ખુલાસો, જાહેર ચર્ચા, પ્રસારણ અથવા અન્ય અનધિકૃત ઉપયોગ કરવામાં આવશે નહીં.

**(૪) અનુગામી કાર્યવાહી અને ફોલો-અપ (Follow-up):** કોઈપણ માનસિક સ્વાસ્થ્ય સંબંધિત ઘટના, આત્મહાનિનો પ્રયાસ અથવા અન્ય જોખમી પરિસ્થિતિ બાદ સંબંધિત વિદ્યાર્થીને સતત સહાય અને અનુગામી માર્ગદર્શન પૂરું પાડવું ફરજિયાત રહેશે. આ હેતુસર, શાળા કલ્યાણ ટીમ (School Welfare Team - SWT) દ્વારા વિદ્યાર્થી તેમજ તેના વાલી/અભિભાવક સાથે નિયમિત સંપર્ક જાળવી રાખવાનો રહેશે. આ સંપર્ક દરમિયાન વિદ્યાર્થીની માનસિક, ભાવનાત્મક અને શૈક્ષણિક સ્થિતિની ચકાસણી કરીને જરૂરી સહાય, કાઉન્સેલિંગ તથા રેફરલ સેવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની રહેશે. તદુપરાંત, નિયુક્ત કરવામાં આવેલા 'મનો-મિત્ર' (Mano-Mitra) દ્વારા વિદ્યાર્થીને સાથી-આધારિત (Peer Support) સતત સહાય, પ્રોત્સાહન અને હૂંફ મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે, જેથી વિદ્યાર્થી શાળા સમુદાય સાથે સકારાત્મક રીતે પુનઃ જોડાઈ શકે અને તેના પુનઃસમાયોજન (Readjustment) તથા ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન મળી રહે.

**(૫) આત્મહત્યાના બનાવ બાદની સહાય અને પુનઃસ્થાપન પ્રક્રિયા (Postvention):**

(૧) શાળા સમુદાયના કોઈ વિદ્યાર્થીના આત્મહત્યાથી મૃત્યુના બનાવ બાદ, સંબંધિત શાળાએ તાત્કાલિક ધોરણે સંકલિત 'ઘટના-ઉત્તર સંભાળ' (Postvention) પ્રક્રિયા અમલમાં મૂકવાની રહેશે; જેથી અન્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને અસરગ્રસ્ત પરિવારજનોને જરૂરી માનસિક, ભાવનાત્મક તથા સામાજિક સહાય ઉપલબ્ધ કરાવી શકાય તેમજ સંભવિત અનુવર્તી જોખમોનું નિવારણ કરી શકાય.

(૨) આ હેતુસર શાળા કલ્યાણ ટીમ (SWT) દ્વારા અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ, નજીકના મિત્રો, શિક્ષકો, કર્મચારીઓ તથા પરિવારજનો માટે આવશ્યક પરામર્શ (કાઉન્સેલિંગ) અને વ્યવસાયિક રેફરલ સેવાઓની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. ઘટના સંબંધી માહિતીનું સંચારણ સંવેદનશીલ, જવાબદારીપૂર્વકના અને તથ્યાધારિત અભિગમ સાથે કરવાનું રહેશે તેમજ અફવાઓ, અટકળો, દોષારોપણ અથવા ઘટનાના સંવેદનશીલ પાસાઓના અનાવશ્યક પ્રસારને અટકાવવા જરૂરી વિરોધક/નિયંત્રણકારી પગલાં લેવાના રહેશે.

(૩) આવી પરિસ્થિતિમાં **'committed suicide'** જેવી કલંકિત કે દોષારોપણ સૂચવતી ભાષાનો ઉપયોગ ટાળવાનો રહેશે અને તેના સ્થાને 'આત્મહત્યાથી મૃત્યુ પામેલ' અથવા અન્ય સંવેદનશીલ અને ગૌરવપૂર્ણ અભિવ્યક્તિઓનો જ પ્રયોગ કરવાનો રહેશે. તદુપરાંત, શાળાએ તાલીમબદ્ધ પરામર્શદાતા (કાઉન્સેલર) અથવા માનસિક સ્વાસ્થ્ય વ્યવસાયિકોની મદદથી જરૂરિયાત મુજબ સહાયક જૂથો (Support Groups), શોક-સંભાળ (Grief Support) અને અન્ય અનુવર્તી સહાય કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે; જેથી અસરગ્રસ્ત વ્યક્તિઓને પોતાની ભાવનાઓ વ્યક્ત કરવાની, શોક-સંવેદનામાંથી બહાર આવવાની તથા સામાન્ય શૈક્ષણિક અને સામાજિક જીવનમાં પુનઃસમાયોજિત થવાની જરૂરી મદદ મળી રહે.

(૪) આત્મહત્યાના બનાવ બાદ માધ્યમો (મીડિયા) સાથેનો તમામ સંપર્ક/સંવાદ માત્ર આચાર્યશ્રી અથવા અધિકૃત કરાયેલ અધિકારી મારફતે જ કરવાનો રહેશે. ઘટનાની પદ્ધતિ, સ્થળ, છબીઓ (ફોટોગ્રાફ્સ), વ્યક્તિગત નોંધો કે અન્ય સંવેદનશીલ વિગતો જાહેર કરવાની રહેશે નહીં.

(૫) આત્મહત્યાથી મૃત્યુ પામેલ વિદ્યાર્થીની સ્મૃતિમાં એવી કોઈ પ્રવૃત્તિ, સ્મારક, કાર્યક્રમ કે પ્રદર્શનનું આયોજન કરવાનું રહેશે નહીં કે જેનાથી ઘટનાનું મહિમામંડન (Glorification) થાય અથવા અન્ય વિદ્યાર્થીઓ પર વિપરીત/પ્રતિકૂળ માનસિક અસર પડે.

Signature Not Verified
Signed by : GOHIL SAMIR IBRAHIMBHAI
Under Secretary
Education Department

(૬) આત્મહત્યાના બનાવ બાદ, પરીક્ષાના સમયગાળા, પરીક્ષા પરિણામ જાહેર થવાની તારીખો, બનાવની વર્ષગાંઠ અથવા અન્ય સંવેદનશીલ પ્રસંગો દરમિયાન શાળા કલ્યાણ ટીમ દ્વારા વિશેષ સતર્કતા રાખી પૂરતી સહાયની વ્યવસ્થા જાળવવાની

રહેશે.

<u>(૭) ફરિયાદ નિવારણ અને સંસ્થાકીય જવાબદારી:</u>

**(૧) ફરિયાદ નિવારણ વ્યવસ્થા અને ભેદભાવમુક્ત વાતાવરણ:** શાળાએ વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત, સમાનતાપૂર્ણ અને ગૌરવસભર શૈક્ષણિક વાતાવરણ સુનિશ્ચિત કરવાના હેતુસર જાતીય સતામણી (Sexual Harassment), રેગિંગ, બુલિંગ (Bullying), સાયબર બુલિંગ, તેમજ જાતિ, વર્ગ, લિંગ, ધર્મ, ભાષા, સામાજિક-આર્થિક સ્થિતિ, દિવ્યાંગતા અથવા અન્ય કોઈપણ આધાર પર થતા ભેદભાવ, ઉત્પીડન કે હેરાનગતિના બનાવોના નિવારણ અને નિવેડા માટે સુદૃઢ, ગોપનીય, સુલભ અને અસરકારક ફરિયાદ નિવારણ વ્યવસ્થા સ્થાપિત કરવી ફરજિયાત રહેશે.

આ હેતુસર શાળાએ પ્રવર્તમાન કાયદા અને માર્ગદર્શિકાઓ અનુસાર આવશ્યક સમિતિઓ/આંતરિક ફરિયાદ સમિતિ (Internal Committee)ની રચના કરવાની રહેશે, તથા પ્રાપ્ત ફરિયાદોની સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવાની રહેશે. આ ઉપરાંત, ફરિયાદકર્તા, સાક્ષી અથવા ફરિયાદ પ્રક્રિયામાં સહકાર આપનાર કોઈપણ વ્યક્તિ વિરુદ્ધ કોઈપણ પ્રકારની પ્રત્યાઘાતાત્મક કે બદલાલક્ષી કાર્યવાહી (Retaliation) અથવા ઉત્પીડન સામે 'શૂન્ય સહનશીલતા' (Zero Tolerance) નો નીતિગત અભિગમ અપનાવવાનો રહેશે.

ફરિયાદ નોંધાવનાર વિદ્યાર્થીની ગોપનીયતા, સુરક્ષા અને માનસિક સુખાકારીનું રક્ષણ કરવું તથા આવશ્યકતા મુજબ પરામર્શ (કાઉન્સેલિંગ), સહયોગ અને પુનઃસ્થાપનાત્મક પગલાં ઉપલબ્ધ કરાવવાની જવાબદારી સંબંધિત શાળાની રહેશે.

**(૨) સંસ્થાકીય દોષ/ઉપેક્ષા** (Institutional Culpability): આ વિનિયમોમાં સમાવિષ્ટ માર્ગદર્શિકાઓ, ફરિયાદો, ચેતવણીરૂપ સંકેતો, સતામણી, બુલિંગ, ભેદભાવ અથવા અન્ય જોખમી પરિસ્થિતિઓ અંગેની જાણકારી શાળાને હોવા છતાં, અથવા વ્યાજબી રીતે જાણ હોવી જોઈએ તેવી પરિસ્થિતિ હોવા છતાં, સમયસર અને યોગ્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળતા જણાય; અને તે નિષ્ફળતા વિદ્યાર્થીને થયેલ ગંભીર ક્ષતિ, સ્વ-ક્ષતિ (આત્મહાનિ) કે આત્મહત્યાથી મૃત્યુના બનાવમાં નોંધપાત્ર પરિબળ/કારણ બનેલ હોવાનું માલૂમ પડે, તો તેને 'સંસ્થાકીય દોષ' (Institutional Culpability) ગણવામાં આવશે. આ સંદર્ભે સંબંધિત શાળા અથવા જવાબદાર અધિકારીઓ સામે પ્રવર્તમાન કાયદા, નિયમો અને નિયંત્રક/નિયામક જોગવાઈઓ અનુસાર નિયમાનુસારની શિક્ષાત્મક કે કાનૂની કાર્યવાહી હાથ ધરી શકાશે.

<u>(૮) કારકિર્દી માર્ગદર્શન</u>

**(૧) કારકિર્દી માર્ગદર્શન અને શૈક્ષણિક-વ્યવસાયિક આયોજન:** શાળાએ વિદ્યાર્થીઓ માટે નિયમિત, સુવ્યવસ્થિત અને વૈજ્ઞાનિક અભિગમ આધારિત કારકિર્દી માર્ગદર્શન અને પરામર્શ (કાઉન્સેલિંગ) ની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ પર રહેલા અવાસ્તવિક શૈક્ષણિક અને કારકિર્દી સંબંધી દબાણને હળવું કરવાનો, વિવિધ શૈક્ષણિક, વ્યવસાયિક, કૌશલ્ય આધારિત તથા ઉદ્યોગસાહસિકતાના વિકલ્પો અંગે જાગરૂકતા કેળવવાનો તેમજ તેમની ક્ષમતા, અભિરૂચિ, રુચિ, વ્યક્તિત્વ અને જીવનલક્ષ્યોને અનુરૂપ વિવેકપૂર્ણ અને માહિતીસભર નિર્ણયો લેવામાં સહાયરૂપ થવાનો રહેશે. શાળાએ સફળતા, પ્રતિભા કે ગુણવત્તાની સંકુચિત અથવા માત્ર ગુણ/પરીક્ષા-કેન્દ્રિત વ્યાખ્યાઓને પ્રોત્સાહન આપવાનું ટાળવાનું રહેશે તથા તમામ વિદ્યાર્થીઓ માટે સમાવેશી, વૈવિધ્યસભર અને સમાન સન્માન ધરાવતો અભિગમ અપનાવી દરેક વિદ્યાર્થીની અનન્ય ક્ષમતાઓ અને સંભાવનાઓના વિકાસને પ્રોત્સાહિત કરવાનો રહેશે.

<u>(૯) દસ્તાવેજીકરણ અને અહેવાલ:</u>

**(૧) દસ્તાવેજીકરણ અને રેકોર્ડ જાળવણી:** શાળાએ માનસિક સ્વાસ્થ્ય અને વિદ્યાર્થી કલ્યાણ સંબંધિત તમામ પ્રવૃત્તિઓનું યોગ્ય, સુરક્ષિત અને ગોપનીય દસ્તાવેજીકરણ જાળવવાનું રહેશે. આ હેતુસર પરામર્શ (કાઉન્સેલિંગ) અને અન્ય કલ્યાણલક્ષી હસ્તક્ષેપો (Wellness Interventions), રેફરલ, તાલીમ કાર્યક્રમો, જાગરૂકતા પ્રવૃત્તિઓ, ક્ષમતાવર્ધન કાર્યક્રમો તથા અન્ય સંબંધિત બાબતોના અનામીકૃત (Anonymised) રેકોર્ડ જાળવવાના રહેશે; જેથી વિદ્યાર્થીઓની ગોપનીયતા અને વ્યક્તિગત ઓળખનું રક્ષણ સુનિશ્ચિત થઈ શકે.

Signature Not Verified
Signed by : GOHIL SAMIR IBRAHIMBHAI
Under Secretary
Education Department
Date : 2026.09.05 11:23:32 IST

**(૨) અહેવાલ અને માહિતી પ્રદાન:** શાળાએ માનસિક સ્વાસ્થ્ય અને વિદ્યાર્થી કલ્યાણ સંબંધી હાથ ધરાયેલ પ્રવૃત્તિઓ, તાલીમ, હસ્તક્ષેપો અને અનુપાલન અંગેનો વાર્ષિક અહેવાલ તૈયાર રાખવાનો રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB), જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (DEO), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) અથવા અન્ય સક્ષમ સત્તાધિકારી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે સદર અહેવાલ નિર્ધારિત સમયમર્યાદામાં રજૂ કરવાનો રહેશે.

**(3) શાળા કલ્યાણ ટીમ (SWT) ની સમીક્ષા અને અનુપાલન નિરીક્ષણ:** શાળા કલ્યાણ ટીમ (SWT) દ્વારા નિયમિત સમયાંતરે બેઠક યોજી આ વિનિયમોના અમલીકરણની સ્થિતિ, પ્રાપ્ત થયેલ પ્રતિસાદ, નોંધાયેલ પડકારો, હાથ ધરેલ કાર્યવાહી તથા જરૂરી સુધારાત્મક પગલાંઓની સમીક્ષા કરવાની રહેશે. આવી બેઠકોના તારણોના આધારે શાળાએ પોતાની માનસિક સ્વાસ્થ્ય અને વિદ્યાર્થી કલ્યાણ સંબંધિત વ્યવસ્થાઓમાં સતત સુધારણા અને સુદૃઢીકરણ માટે આવશ્યક પગલાં લેવાના રહેશે.

<u>(૧૦) દેખરેખ, અમલીકરણ અને અનુપાલન:</u>

**(૧) જિલ્લા-સ્તરીય દેખરેખ અને સંકલન વ્યવસ્થા:** નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદામાં સમાવિષ્ટ નિર્દેશો અનુસાર, વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, કલ્યાણ અને આત્મહત્યા નિવારણ સંબંધી માર્ગદર્શિકાઓના અસરકારક અમલીકરણ, નિરીક્ષણ/દેખરેખ, સમન્વય અને ફરિયાદોના નિવારણ અર્થે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં **'જિલ્લા-સ્તરીય દેખરેખ સમિતિ' (District Monitoring Committee)** ની રચના સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. સદર સમિતિ જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આ વિનિયમોના અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરશે, આવશ્યક માર્ગદર્શન અને સંકલન પૂરું પાડશે, પ્રાપ્ત ફરિયાદો તેમજ ગંભીર બનાવો પર નજર રાખશે તથા અનુપાલન સુનિશ્ચિત કરવા માટે જરૂરી ભલામણો અને સુધારાત્મક પગલાં સૂચવશે. જિલ્લા-સ્તરીય દેખરેખ સમિતિની સૂચનાઓનું અક્ષરશઃ પાલન કરવાનું તમામ શાળાઓ માટે ફરજિયાત રહેશે.

Signature Not Verified
Signed by : GOHIL SAMIR IBRAHIMBHAI
Under Secretary
Education Department
Date : 2026.09.05 11:23:32 IST